પાલનપુર-ડીસા, અંબાજી અને થરાદમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળી

પાલનપુર, તા.૨૯

દર વર્ષની જેમ આ વર્ષે પણ અષાઢી બીજે જગન્નાથજી ભગવાન તેમના ભક્તોને સામે ચાલીને ભાઈ બલરામજી અને બહેન સુભદ્રાજી સાથે રથયાત્રા દ્વારા મળવા નિકળ્યા હતા. બનાસકાંઠા જિલ્લામાં પાલનપુર, ડીસા, યાત્રાધામ અંબાજી અને થરાદ મુકામે પણ પરંપરાગત રીતે રથયાત્રા યોજાઈ હતી.

પાલનપુરમાં મોટા શણગારેલા રથમાં ભગવાન જગન્નાથ તેમના ભક્તોને દર્શન આપવા નિકળ્યા હતા ત્યારે ભકતોએ 'જય રણછોડ માખણ ચોર'ના નારાથી વાતાવરણ ગજવી મુકયું હતું. આ સાથે શણગારેલા અશ્વો, ઉંટલારીઓ, રથ અને હાથી સાથે સંતો-મહંતો અને ભજન મંડળીઓ તેમજ અંગ કસરતના કરતબ બતાવતા અખાડાવાળાઓ સાથે ઢોલ બાજા અને ડીજેના તાલે ભવ્ય રથયાત્રા શહેરના માર્ગો પર ફરી હતી. આ રથયાત્રામાં નગરપાલિકા પ્રમુખ હસમુખ પઢીયાર, સાંસદ હરિભાઈ ચૌધરી, મ્યુનિસિપલ સભ્ય વિજય જોષી વગેરે જોડાયા હતા. આ રથયાત્રામાં રામજી મંદિરના મહંત સીતારામદાસજી, મોટી બજારના મહારાજ પ્રતાપરાય સહિત સંતો મહંતો પણ સામેલ થયા હતા.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

શહેરના વિવિધ માર્ગો પરથી રથયાત્રા પસાર થઈ હતી જયાં ભકતોએ દર્શનનો લાભ લઈ મગ, કાકડી અને જાંબુનો પ્રસાદ લીધો હતો. રથયાત્રાનું ભાજપ લઘુમતી સેલ દ્વારા સ્વાગત કરાયું હતું. જેમાં શહેર કાજી જહિરુદ્દીન, મશહુર કુરેશી રઈલુ બાદશાહ સાથે જુમ્મા મસ્જિદ ખાતે મકસુદમિયાં કાદરીના પરિવારજનોએ ફુલહાર પહેરાવી ઠંડા પીણા-શરબતનું રથયાત્રિકોને વિતરણ કર્યું હતું. ગુરુનાનક પ્રેરણા મિત્ર મંડળ દ્વારા ઠંડી છાસ તેમજ ખોડા લીમડાના ગીરીશ દરજી અને મિત્રો દ્વારા શરબત અપાયું હતું.

આ રથયાત્રામાં કરતબ બતાવી રહેલા તલવારબાજોને પોલીસેબહાર કાઢતા લોકોમાં રોષ ફેલાયો હતો. આ ઉપરાંત પાલનપુરના ઓવરબ્રિજના પશ્ચિમ છેડે વસતા શહેરીજનોની રથયાત્રાના રૂટને લંબાવવાની ૧૪ વર્ષજુની માંગણી આ વર્ષે પણ અલિપ્ત રહી હતી.

રથયાત્રાની સાથે સાથે...

- રથયાત્રાના પ્રારંભે મહંત ફુલશંકર શાસ્ત્રી, ધારાસભ્ય અશોક પટેલ, શંભુજી ઠાકોર, પ્રવિણભાઈ પટેલ, મહેન્દ્રસિંહ રાણા, નિતિન પટેલ એ ઉપસ્થિત રહીને રથને પ્રસ્થાન કરાવ્યું હતું.
- સે-૨ ૨માં વેપારી એસોસિએશન દ્વારા રથનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે-૧૭માં વિવેકાનંદ સંસ્કાર ભવનના બાળકો દ્વારા રથ ઉપર પુષ્પ વર્ષા કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.
- રથયાત્રામાં આ વખતે વિશ્વ હિંદુ પરિષદની ટીમ ધ્વજ સાથે જોડાઈ હતી.
- સે-૧૭માં વેપારી મંડળના પ્રમુખ રજુજી ગોલ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે-૧ ૨ ખાતે સાંઈનાથ સેવા સમિતિ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું. જયારે દિલીપભાઈ બેલાણી દ્વારા શરબતનું વેચાણ કરવામાં આવ્યું હતું.
- સે-૧ ૨માં મનોજભાઈ પરિવાર દ્વારા પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- પોલીસ ભવન ખાતે રાજય પોલીસ વડાએ રથનું સ્વાગત કર્યું હતું.
- સે-૧૯માં વેપારી મંડળ દ્વારા રથનું સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે-૨૦ અક્ષરધામ મંદિર ખાતે મંદિરના પૂજારી અને સાધુસંતો દ્વારા ભગવાનની રથયાત્રાનું ફુલહાર પહેરાવી સ્વાગત કરવામાં આવ્યું હતું.
- રથયાત્રા બપોરે ભગવાનના મોસાળમાં આવી પહોંચતા ભગવાન જગદીશનું ફુલહાર પહેરાવી આરતી ઉતારી સ્વાગત કરવામાં આવ્યું હતું.
- ભગવાનના મોસાળમાં ભાવિકોનું જલારામ સેવા સમાજના પ્રમુખ જીતુભાઈ સેજાણી, અરવિંદ ઠાકર, કિશોર હિંડોચા, શૈલેષ મજેઠીયા, રમેશ પૂજારાએ સ્વાગત કર્યું હતું.
- મોસાળમાં ભાવિકોને ખીચડી, શાક, મોહનથાળ અને છાસનો પ્રસાદ પિરસવામાં આવ્યો હતો.
- સે-૨૯ મહાકાળી મંદિરના મહંત બાબુપુરી દ્વારા સ્વાગત કરી શરબતનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે-૨૮માં મુસ્લિમ આગેવાનોએ તેમજ એકતા મિત્ર મંડળ દ્વારા રથયાત્રાનું ફુલહાર પહેરાવી સ્વાગત કરાયું હતું. તેમજ ભાવિકોને પાણીના પાઉચ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે-૨૮ દત્ત મંદિર અને વેપારી મંડળ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સ્થાનિક રહીશ લીલાબેન દિનેશ પટેલ દ્વારા આઈસક્રીમનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે-૨૮ ચીપ ટાઈપ શોપીંગ અને વસાહતીઓ દ્વારા શરબત પાણીના પાઉચ અને પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- વરીયા પ્રજાપતિ સમાજ અને વિહળ પરિવાર દ્વારા લીંબુ શરબત અને ૨૦૦ કિલો મગનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.
- સે-૨૭માં ઈન્દુબેન નાયક અને સ્વ. કે.પી. નાયક પરિવાર દ્વારા પાણીના પાઉચનું વિતરણ કરાયું હતું.
- સે-૨૭ ડીએસપી કચેરી ખાતે એસઆરપી ગ્રુપ-૧ ૨નાં જવાનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- જિલ્લા પોલીસ વડાની કચેરી ખાતે જિલ્લા પોલિસ વડા શરદ સિંઘલ દ્વારા ફુલહાર કરી સ્વાગત કરવામાં આવ્યું હતું.
- ગાયત્રી સોસાયટી મંડળ સે-૨૭ના પ્રમુખ ડૉ. પી.ડી. પટેલ દ્વારા પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે-૨૪ વિસત યુવક મંડળ દ્વારા ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- જય માતાજી વિવિધલક્ષી સેવા ટ્રસ્ટના રતનસિંહ ચાવડા દ્વારા મેંગો જયુસનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે-૨૪ ચંદ્ર ફોટો સ્ટુડીયો દ્વારા ઠંડી છાસનું વિતરણ કરવામાં આવ્યું હતું.
- સે-૨ ૩ સ્વામિનારાયણ મંદિરના મહંતો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું.
- સે-૨ ૩માં જિલ્લા કોંગ્રેસ સમિતિના આગેવાન કૌશિકભાઈ સુખડીયા પ્રવિણભાઈ પટેલ સહિતના લોકોએ સ્વાગત કર્યું હતું.
- સે-૨૯માં કૃષ્ણ પરિવાર દ્વારા પાણીના પાઉચનું વિતરણ કરવામાં આવ્યું હતું.

ગુજરાતના બજેટની 'રોમાંચક' સફર ૧૧૫ કરોડથી ૧.૨૦ લાખ કરોડ સુધી

ટાઈમ લાઈન
- ગૌતમ પુરોહિત

ગુજરાતનું બજેટ સત્ર ૧લી જુલાઈથી શરૂ થઈ ગયું છે ત્યારે આપણે આપણા પહેલા બજેટ ઉપર નજર કરીએ તો આંકડા જોઈને ચોક્કસ આશ્ચર્ય થશે. આપણું પહેલું બજેટ ગુજરાતના -થમ નાણા-ધાન કમ ચીફ મિનિસ્ટર ડો. જીવરાજ મહેતાએ રજૂ કર્યું હતું. ૨૨મી ઓગષ્ટ-૧૯૬૦ના રોજ તેમણે રાજયનું સામાન્ય બજેટ રજૂ કર્યું હતું જેનું કુલ કદ ૧૧૫ કરોડનું હતું જેમાં કુલ મહેસૂલી આવક ૫૪.૨૫ કરોડ હતી અને ખર્ચ ૫૮.૧૨ કરોડ હતો. આ બજેટમાં ૩.૮૭ કરોડની ખાધ બતાવવામાં આવી હતી. પાઈએ પાઈનો હિસાબ આ બજેટમાં હતો...

હવે બદલીઓ, પ્રમોશન અને નવી નિમણૂંકોની મોસમ આવી રહી છે

૧૯૬૦માં રાજયની વસતી માત્ર બે કરોડ હતી. આજે છ કરોડની વસતી છે. આજે ગુજરાતના સામાન્ય બજેટનું કદ ૧.૨૦ લાખ કરોડ સુધી પહોંચ્યું છે. વધતી જતી મોંઘવારીના કારણે ઘરના બજેટની જેમ સરકારના બજેટ મોટા બની રહ્યાં છે. સરકારની વાર્ષિક યોજનાના કદમાં પણ ઉત્તરોત્તર વધારો થતો ગયો છે. ગુજરાતનો થર્ડપ્લાન ૧૯૬૧-૬૬માં કુલ ૨૪૦ કરોડ હતો. એટલે કે દરવર્ષે ૫૦ થી ૬૦ કરોડનું પ્લાનિંગ કરવાનું થતું હતુ, જયારે આજે આપણી વાર્ષિક યોજના ૬૩,૦૦૦ કરોડ સુધી પહોંચી ચૂકી છે, જે ગયાવર્ષે ૫૮,૫૦૦ કરોડની હતી...

વહવટીતંત્રમાં મોટા ફેરફારો આવી રહ્યાં છે...

ગુજરાત સરકારના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારો તોળાઈ રહ્યાં છે. બજેટ સત્ર દરમ્યાન જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારી તેમજ સુપ્ટિન્ડેન્ટ ઓફ પોલીસની બદલીઓ થવાની સંભાવના છે, જયારે બજેટ સત્ર પછી એટલે કે જુલાઈના અંતમાં ડિપાર્ટમેન્ટના સેક્રેટરી તેમજ બોર્ડ નિગમના ઉચ્ચ અધિકારીઓની ટ્રાન્સફર નિશ્ચિત માનવામાં આવે છે. કોઈપણ નેતા જયારે રાજયની સુપ્મિ પોસ્ટ ઉપર આવે છે ત્યારે ઓફિસરોની બદલીઓ એ -ાઈમ એજન્ડા હોય છે, પરંતુ મુખ્ય-ધાન બન્યા પછી આનંદીબેન પટેલે વહીવટી તંત્રમાં એવા કોઈ મોટા ફેરફાર કર્યા નથી કે જેની નોંધ લઈ શકાય...

હવે તેઓને વહીવટી પક્કડ આવતી જાય છે. બ્યુરોક્રેસીને સમજી ચૂક્યા છે તેથી આવનારા સમયમાં બદલીઓ, નવી નિમણૂકો તેમજ -મોશનની -ક્રિયા હાથ ધરાશે તેવું લાગે છે. બીજીતરફ એસીએસ હોમ- ડો. સુદીપકુમાર નંદા તેમજ સચિવાલય માટે આશ્ચર્યજનક સમાચાર એ હતા કે સરકારે હાલના ચીફ સેક્રેટરી ડો. વરેશસિંહાનું એક્સટેન્શન ચૂપચાપ ત્રણ મહિના સુધી વધારી દીધું છે, એટલે કે જુલાઈમાં જેમના એક્સટેન્શનને ત્રણ મહિના પૂરા થતાં હતા તેમને વધુ ત્રણ મહિના એટલે કે ઓક્ટોબર સુધીનું એક્સટેન્શન આપી દેવામાં આવ્યું છે. નંદાને હવે વધુ આટલો સમય ચીફ સેક્રેટરીના પદ માટે રાહ જોવી પડશે...

શિક્ષણ નિષ્ણાંતો કરકસરને -ાધાન્ય આપે છે...

સરકારમાં નંબર ટુનું સ્થાન ધરાવતા સૌરભ પટેલ વિધાનસભા સત્રના પહેલા દિવસે સામાન્ય અંદાજપત્ર રજૂ કરવા જઈ રહ્યાં છે. ૧.૨૦ લાખ કરોડના અંદાજ પૈકી તેમને હવે ૮૦ હજાર કરોડની નવી દરખાસ્તો રજૂ કરવાની થાય છે, કારણ કે લોકસભાની ચૂંટણીના કારણે ગયા ફેબ્રુઆરી મહિનામાં રાજય સરકારે લેખાનુદાન-વોટ ઓન એકાઉન્ટ લીધું હતુ, જેનો અંદાજ ૪૦ હજાર કરોડ હતો. મહિલા ચીફ મિનિસ્ટર સત્તામાં હોવાથી બજેટમાં મહિલા અને બાળ કલ્યાણ ઉપર વધારે ભાર મૂકવામાં આવ્યો છે. નાણા -ધાન સૌરભ પટેલ ગુજરાતની જનતાના દિલ જીતવા કદાચ પેટ્રોલ અને ડિઝલ પરના વેલ્યુ એડેડ ટેક્સના દરમાં ઘટાડો કરે તેવું માનવામાં આવે છે. આ સાથે નવા ટેક્સ તેમજ રાહતોની પણ જાહેરાત સંભવ છે...

આપણા બજેટ માસ્ટર વજુભાઈ વાળા અધ્યક્ષસ્થાને છે. ગુજરાતમાં સૌથી વધુ બજેટ રજૂ કરવાનો તેમનો વિક્રમ છે. ફાયનાન્સ ડિપાર્ટમેન્ટમાં હાલના એસીએસ હસમુખ અઢીયા કરકસરની છાપ છોડી જાય છે તેથી લોકોને વધુ રાહતો મળવી અસંભવ છે. સચિવાલયના સૂત્રોએ કહ્યું હતું કે આ વખતે ફાયનાન્સ ડિપાર્ટમેન્ટે અલગ અલગ ડિપાર્ટમેન્ટની નવી દરખાસ્તોમાં કાપ મૂક્યો છે. આમ પણ એવું કહેવાય છે કે જે લોકો શિક્ષણશાસ્ત્ર સાથે સંકળાયેલા હોય તેઓ કંજૂસાઈ વધારે કરે છે. આપણા ચીફ મિનિસ્ટર અને હોમ ડિપાર્ટમેન્ટના સુપ્મિો સૌથી વધુ સમય સુધી શિક્ષણ સાથે સંકળાયેલા છે- એટલે કે આપણને હવે કરકસરયુક્ત વહીવટ જોવા મળી શકે છે...

પુંસરી દેશનું મોડલ વિલેઝ બનશે...

દિલ્હીએ સોશ્યલ સાઈટનો ટ્રેક પકડ્યો, ગુજરાતમાં ગતિ અવરોધકો

-ાઈમરી સ્કૂલમાં સીસીટીવી-એરકન્ડિશન્ડ ક્લાસ અને સંપૂર્ણ ગામમાં વાઈ-ફાઈ કનેક્ટિવિટી ધરાવતું સાબરકાંઠાનું પુંસરી ગામ એ સમગ્ર હિન્દુસ્તાનનું મોડલ ગામ બનશે. આ ગામમાં ઉપલબ્ધ ફેસેલિટી ભાગ્યેજ દેશના કોઈ અન્ય ગામડામાં હશે. ગામનો -ત્યેક નાગરિક ચીલ્ડ મિનરલ વોટર પીવે છે. આ ગામમાં પબ્લિક ટ્રાન્સપોર્ટ સિસ્ટમ પણ અવેલેબલ છે. આ ગામને ડ્રીમ વિલેઝ કહીએ તો પણ અતિશયોક્તિ નથી. ગુજરાતને ગૌરવ લેવા જેવી બાબત એ છે કે આખા ભારતમાં ૬૪૦ જિલ્લા આવેલા છે અને -ત્યેક જિલ્લાના એક ગામને પુંસરી જેવું અદ્યતન બનાવવાનું યુનિયન મિનિસ્ટ્રીએ નક્કી કર્યું છે...

ગ્રામ વિકાસ વિભાગના એડિશનલ સેક્રેટરી એલ.સી.ગોયલ પુંસરી ગામની વિઝિટ લઈ ગયા છે. તેમણે ગામલોકો સાથે સુવિધાઓ બાબતે ચર્ચા પણ કરી છે. ગુજરાત સરકારે બેસ્ટ ગ્રામ પંચાયતનો એવોર્ડ આપ્યો છે તેવા પુંસરી ગામને જોવા માટે દેશના રાજયોમાંથી અનેક નેતાઓ અને ઓફિસરો આવી ચૂક્યાં છે. આ ગામના ૬૦૦૦ લોકોના એક લાખના ઈન્યુરન્સ અને ૨૫ હજારના મેડિક્લેમનું ન્મિયમ પંચાયત ભરે છે. ૨૦૦૬ થી આ ગામમાં ઝિરો પર્સન્ટ ડ્રોપઆઉટ રેશિયો છે. આવું મોડલ ગામ બીજે ક્યાંય બનાવવું હોય તો યુનિયન મિનિસ્ટ્રીએ પુંસરીના આગેવાનોને વોલિયેન્ટર તરીકે લઈ જવા જોઈએ...

હવે એમપી પણ સોશ્યલ સાથી બનશે...

ગુજરાતમાં ૨૦૦૧ પછી મિડીયાને સમાચાર -ાપ્ત કરવા માટે સરકારમાં આંશિક પાબંધી લાગુ કરી દેવામાં આવી હતી તેમ હવે ગુજરાતનું મિડીયા મોડલ દિલ્હીમાં લાગુ કરવામાં આવી રહ્યું છે. છેલ્લે કેશુભાઈ પટેલના સમયમાં તેમની સરકારના મિનિસ્ટરો તેમજ વિભાગના ઓફિસરો મિડીયા પર્સનને છૂટથી સમાચારો આપતા હતા તે તત્કાલિન ચીફ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના કાર્યકાળમાં બંધ થઈ ગયા હતા. મોદીએ સત્તા ગ્રહણ કર્યા પછીની પહેલી ેસ કોન્ફરન્સમાં કહ્યું હતું કે હું કે મારી સરકાર સમાચાર નહી આપે, અમે જે કામ કરીશું તેનું રિપોર્ટીંગ કરજો.. આ વાક્યને મોદી છેક સુધી વળગી રહ્યાં અને તેમણે તેમના ૧૨ વર્ષના શાસનમાં જવલ્લે જ ન્યૂઝ આપવા માટે ેસ કોન્ફરન્સ કરી છે...

મોદી હવે -ાઈમ મિનિસ્ટર બનતા જ પહેલાં તેમણે તેમની યુનિયન કેબિનેટના સભ્યોને મિડીયા સામે ખબરદાર કર્યા હતા અને હવે તેમણે ભાજપના સંસદસભ્યોને પણ સૂચન કર્યું છે કે મિડીયા સામે જવાની જગ્યાએ કામ કરજો... મોદીનું આ સૂચન મિડીયામાં ગુજરાત મોડલ બતાવે છે. હા, મોદીએ એક સુખ એ કર્યું છે કે તેમણે મિનિસ્ટરો, બ્યુરોક્રેસી અને મેમ્બર ઓફ પાર્લામેન્ટ એમ સરકારના સૌ કોઈ હિસ્સેદારને સોશ્યલ સાઈટનો છૂટથી ઉપયોગ કરવાની શીખ આપી છે. એટલે કે સરકારના આ હિસ્સેદારો આપણને ફેસબુક અને ટ્વિટર ઉપર મળી જશે પરંતુ બીજી તરફ ગુજરાત સરકારની સોશ્યલ સાઈટમાં અવરોધકો ઉભા થયા છે. મોદી ગયા પછી હવે વેબસાઈટ સમયસર અપડેટ થતી નથી....

હાઈ-વે મુસાફરી મોઘીદાટ બની શકે છે...

હાઈ-વેના નિર્માણમાં સરકારે જયારથી બીઓટી મોડલ અમલમાં મૂક્યું છે ત્યારથી હાઈ-વે ઉપર વાહન ચલાવવું અઘરૂં બની ચૂક્યું છે. ઘણાં માર્ગો એવાં છે કે ટોલટેક્સ વસૂલ કરવાની અવધિ સમાપ્ત થઈ ચૂકી છે તેમ છતાં વાહનચાલકોની લૂંટાલૂંટ કરવામાં આવે છે. સરકારના સમયસરના નોટીફિકેશનમાં વિલંબ થતાં આવી ઘટનાઓ સામે આવે છે. ભારત સરકારના નોર્મ્સ -માણે -ત્યેક વર્ષના ૧લી જુલાઈના રોજ ટોલટેક્સમાં વધારો કરવામાં આવે છે જે અનુસાર ૧લી જુલાઈથી ટોલટેક્સના નવા દરો લાગુ કરી દેવામાં આવશે..

ટોલટેક્સની જગ્યાએ વાહનના રજીસ્ટ્રેશન વખતે લેવામાં આવતી ફીમાં વધારો કરવાની એક દરખાસ્ત ભારત સરકારમાં રજૂ કરવામાં આવી હતી જેને હજી માન્યતા મળી નથી, એટલે ટોલટેક્સનો વિલંબ વાહનચાલકોએ સહન કરવો જ પડશે. હમણાં ગુજરાત ટ્રાન્સપોર્ટના એક ઓફિસરને આ બાબતે પૂછવામાં આવ્યું તો તેમણે કહ્યું કે દરખાસ્ત ઉત્તમ હતી પરંતુ તેના માટે સરકારની ઈચ્છાશક્તિ જોઈએ. તેમને પૂછ્યું કે રૂપિયા આપીને પણ કલાકો સુધી લાઈનમાં ઉભા રહેવામાંથી મુક્તિ ક્યારે મળશે.. ત્યારે તેમણે -ત્યુત્તર વાળ્યો કે આપણે ટોલટેક્સ ઉઘરાવતા નાકા ઉપર વાહનોની લેનની સંખ્યામાં વધારો કરી રહ્યાં છીએ, જેથી સમયની બચત થઈ શકે...

જાહેર દેવું ૧.૮૫ લાખ કરોડ છતાં ચાર રાજ્યો ગુજરાતથી આગળ છે

ગુજરાતનું જાહેર દેવું- એક પડકાર...

ગુજરાત સરકાનું જાહેર દેવું એક પડકાર બની રહ્યું છે. માર્ચ-૨૦૧૪ના અંતે ગુજરાત સરકારનું જાહેરદેવું ૧.૮૫ લાખ કરોડને પણ ક્રોસ કરી ગયું છે. આપણા વાર્ષિક બજેટ કરતાં વધુ-માણ જાહેર દેવાનું છે તે એક ચિંતાનો વિષય છે. જો કે રાજય સરકાર તેને હળવાશથી લઈ રહી છે, કારણ કે સરકારની આવકમાં વિક્રમગતિએ વધારો થયો છે. તો સામે પક્ષે ગુજરાતની છ કરોડની જનતા ઉપર ટેક્સનું ઓવરલોડ ભારણ છે. માર્ચ-૨૦૧૩ના અંતે સરકારનું દેવું ૧.૬૪ લાખ કરોડ હતું એટલે કે એક વર્ષમાં દેવાની સંખ્યામાં ૧૩ ટકાનો માતબર વધારો થયો છે....

ભારતના અન્ય રાજયોની સરખામણીએ જોઈએ તો માર્ચ-૨૦૧૪ના અંતે આંધ્ર-દેશનું જાહેરદેવું ૧.૯૪ લાખ કરોડ છે. મહારાષ્ટ્રનું દેવું ૨.૯૪ લાખ કરોડ છે. ઉત્તર-દેશનું દેવું ૨.૮૫ લાખ કરોડ છે અને પશ્ચિમ બંગાળનું જાહેરદેવું ૨.૪૫ લાખ કરોડ છે. આ ચાર રાજયો પછી ગુજરાતનો નંબર આવે છે, જો કે વસતીની સરખામણીએ ગુજરાતના દેવાના આંકડા ઘણાં મોટા છે. ગુજરાતનો ૨૦૦૮-૦૯માં જાહેરદેવાનો આંકડો માત્ર ૧.૧ લાખ કરોડ હતો જે ૨૦૦૯-૧૦માં વધીને ૧.૨૩ લાખ કરોડ થયો હતો. સવાલ એ છે કે સરકારની આવકોમાં વધારો થવા છતાં જાહેરદેવાનો આંકડો મોટો થતો જાય છે....

હવે વિધાનસભામાં મેળાવડો જામશે...

ગુજરાતના સચિવાલયમાં ચીફ મિનિસ્ટરને મળવા માટે મેળાવડો જામે છે ત્યારે હવે વિધાનસભાનું સત્ર શરૂ થઈ ગયું હોઈ વિધાનસભા સંકુલમાં મુલાકાતીઓનો મેળાવડો જામશે. હાલ તો મહિલા મુખ્ય-ધાન આનંદીબેન પટેલે તમામ લોકો માટે મળવાના દરવાજા ખોલી નાંખ્યા છે, છ મહિના પછી કેટલી પાબંધી લાગે છે તે ખબર નથી.. એવું કહેવાય છે કે આનંદીબેન પટેલ સત્તાના ૩૦ દિવસમાં તેમની ચેમ્બરમાં ૮૦૦૦થી વધુ લોકોને રૂબરૂ મળ્યા છે. એટલે કે તેઓએ -તિદિન એવરેજ ૨૭૦ મુલાકાતીઓનો સીધો સંપર્ક કર્યો છે, ઈટ્સ ગુડ ફોર ડેમોક્રેસી..!!

અવસાન નોંધ

શહેર સ્થિત એ.ડી. વ્યાસ (નિવૃત્ત સેક્શન અધિકારી) વાય.ડી. વ્યાસ (આર.એમ.સી.) અને બી.ડી. વ્યાસ (કે.એ.પી.પી.)ના પિતાશ્રી સ્વ. દિનમણીશંકર ડાહ્યાલાલ વ્યાસ (ચાણસ્માવાળા)નું બેસણું આજરોજ સોમવાર સવારે ૮.૦૦ થી ૧૨.૦૦ દરમિયાન સૌરાષ્ટ્ર લેઉઆ પટેલ સમાજવાડી સેક્ટર-૭, ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

રંગારંગ કાર્યક્રમ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પહોંચશે. કલ્પેશ દલાલે પણ સાંસ્કૃતિક -વૃત્તિઓની સાથે ભાવી પેઢીમાં સંસ્કાર સિંચન માટે પ્રયત્નશીલ આ સંસ્થાની પ્રવૃત્તિની પ્રશંસા કરી હતી. સ્કુલ ઓફ ડાન્સના શુભારંભ પ્રસંગે ઉપસ્થિત નૃત્યભારતી સંસ્થાના વરિષ્ઠ નૃત્યકાર ઈલાક્ષીબેન ઠાકોરે પણ સ્કુલ ઓફ ડાન્સના માધ્યમથી સુર, તાલ અને લયબદ્ધ સમાજના સર્જન માટે ઉમદા પ્રયત્ન થશે તેમ જણાવ્યું હતું. સેન્ટ ઝેવિયર્સ સ્કુલના ફાધર હેકટરે પણ કલા સંસ્થાની પ્રવૃત્તિને પ્રોત્સાહિત કરવા પુરતો સહયોગ આપવાની ખાતરી આપી હતી. સ્કુલ ઓફ ડાન્સના ઉદ્દઘાટન પ્રસંગે કદમ્બના વરિષ્ઠ નૃત્યકાર કુમુદિનીબેન લાખિયા, ચંદન ઠાકોર, શોભાબેન દેસાઈ અને ભરત બારીયા પણ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમના પ્રારંભે સંસ્થાના મહામંત્રી શ્રી પ્રકાશ લાલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે કાર્યક્રમનું સંચાલન હિરેન ભટ્ટે કર્યું હતું. આ પ્રસંગે કલારસિક આગેવાનો તથા વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આ -સંગે શ્રેષ્ઠ કલાકારોએ વૈવિધ્યસભર નૃત્યો રજુ કરી કલાપ્રેમીઓના દિલ જીતી લીધા હતા.

ભવ્ય રથયાત્રા ● અનુસંધાન પહેલાનું ચાલુ

આગળ વધતી હતી. શહેરના માર્ગો પર નગરની પ્રદક્ષિણા કરવા નિકળેલા ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાજીના દર્શન કરવા માટે નગરના લોકો વિવિધ જગ્યાઓ

પૂજાની થાળી સાથે રાહ જોઈ રહ્યા હતા અને દર્શન કરી ધન્યતા અનુભવતા હતા.

ભગવાન જગન્નાથજીની રથયાત્રામાં ગજરાજને જોઈને બાળકો એક અલગ જ પ્રકારની ખુશી અનુભવતા હતા. ત્યારે ચાર ઘોડેસવારો દ્વારા ઘોડી ઉપર કરવામાં આવતા કરતબો જોઈને નગરજનો દંગ રહી ગયા હતા. ઘોડેસવારીએ રથયાત્રામાં લોકોને મંત્રમુગ્ધ કર્યા હતા. દસ ઊંટલારીઓમાં નગરની મહિલા મંડળની વિવિધ ભજન મંડળીઓ દ્વારા ભજન કિર્તન કરવામાં આવતા હતા. ભગવાન જગન્નાથ, ભાઈ બલરામ અને બહેન સુભદ્રાના ગુણલા ગાવામાં આવતા હતા. સત્સંગ મંડળ વડવાળુની બહેનોએ સમગ્ર વાતાવરણમાં અનોખી ચેતના જગાવી દીધી હતી.

ઠેર ઠેર રથયાત્રાનું સેવાભાવી સંગઠનો, વેપારી એસોસીએશનનો, વસાહત મંડળોએ ભગવાનના ચરણોમાં શીષ નમાવી ભગવાનના આશીર્વાદ મેળવ્યા હતા. તેમજ નગરના સેવાભાવિઓ રથયાત્રામાં જોડાયેલા ભાવિકો માટે છાશ, ઠંડુ પાણી, લીંબુ શરબત, પારલે બિસ્કીટ, ચોકલેટની સેવા આપવામાં આવતી હતી.

રથયાત્રામાં જોડાયેલ ડી.જે. અને બેન્ડવાજા દ્વારા ભાવિ ભક્તોની ઉર્જા આપવામાં આવતી હતી. ડી.જે. ના તાલે રથયાત્રામાં જોડાયેલ સૌ ભાવિભક્તો થીરકી રહ્યા હતા. યુવાનોએ ડાન્સ કરીને ભગવાન જગન્નાથની રથયાત્રાનો આનંદ ઉઠાવતા હતા. ડી.જે.ના તાલે યુવાનો, મહિલાઓ અને રથયાત્રામાં જોડાયેલ નાના બાળકો સહિત મન મુકીને નાચતા નજરે પડતા હતા. અમદાવાદથી જયગોગા અખાડા મંડળીના કરતબ બાઝોએ હેરતભર્યા કરતબ કરી નગરજનોના શ્વાસ થંભાવી દીધા હતા.

તલવારબાજી કરીને રાજા મહારાજાઓના યુદ્ધોની યાદ અપાવી તો રોડ પર વિવિધ મુદ્રામાં ચક ફેરવીને નગરના લોકોની સમક્ષ કલાનું પ્રદર્શન કર્યું હતું. ટેકવાનડોના વિદ્યાર્થીઓ દ્વારા ઠેર ઠેર કરાટેના કરતબો કરવામાં આવતા હતા. આ કરતબોમાં પાંચ વર્ષથી પચ્ચીસ વર્ષની વય ધરાવતા યુવક યુવતિઓએ સ્વ-રક્ષણ માટેના પાઠ શિખવતા નજરે ચઢતા હતા. ત્યારે આ વિદ્યાર્થીઓએ કરેલા કરતબોથી નાગરિકોએ કલાને બિરદાવી હતી. રથયાત્રા સમિતિ દ્વારા ફણગાવેલા મગ, જાંબુ, કાકડીના પ્રસાદનું વિતરણ કરવામાં આવતું હતું. જે ભાવિક પ્રસાદ મેળવવા આવતા હતા તે આનંદીત થઈ જય રણછોડ... માખણ ચોર...ના નાદ

સાથે ભક્તિથી પ્રસાદ મેળવતા હતા. નગરજનોને પ્રસાદ મળી રહે તે માટે બે ટ્રેક્ટર ફણગાવેલા મગનુ વિતરણ કરવામાં આવ્યું હતુ.

રથયાત્રામાં એક ગજરાજ, ચાર ઘોડા, ૧૦ ઊંટલારી, તેમજ ટ્રેક્ટર સહિત ૨૦ વાહનો જોડાયા હતા. તેમજ ૧૦૦ ઉપરાંત બાઈકો જોડાયા હતા. રથયાત્રા નગરમાં ભક્તિભાવપૂર્વક રથયાત્રા પૂર્ણ થઈ હતી. શહેરમાં રથયાત્રા દરમિયાન કોઈ જ પ્રકારનો અનિચ્છનીય બનાવ બનવા પામ્યો નથી. પરંતુ રથયાત્રા સંપન્ન થઈ ત્યાં સુધી વરૂણદેવે ભગવાન જગન્નાથ અને નાગરિકોને નિરાશ કર્યા છે. રથયાત્રા દરમિયાન મેઘરાજ પોતાની હાજરી અવશ્ય પુરાવે છે તેવી માન્યતા આજે ખોટી પડી છે.